30/11,300

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૭ જૂન, ૨૦૦૭)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) | **સત્સંગ પ્રારંભ** | (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

## વિભાગ-૧ : ઘનશ્યામ ચરિત્ર - એકવીસમી આવૃત્તિ, માર્ચ ૨૦૦૬

**પ્રશ્ન.૧. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** (૫ ગુણ)

૧. ચોરો ફણસ તોડવા ગયા, ત્યાં શું થયું ? ૬૯
૨. ભાભીએ કયા સગાંવહાલાંને ઘેર ઘનશ્યામની તપાસ કરાવી ? ૮૩
૩. ઘનશ્યામે ગૃહત્યાગ કરવાનો સંકલ્પ ક્યારે કર્યો ? ૮૧
૪. કોણે કોણે પારણાંની રસોઈનાં વાસણ ખાલી જોયાં ? ૬૫
૫. ઘનશ્યામને દોરડાથી કોણે બાંધ્યા ? ૫૪

**પ્રશ્ન.૨. નીચેનાં અવતરણો કોણ, કોને કહે છે તે લખો.** (૮ ગુણ)

૧. ''અમારા ઘનશ્યામને આ વાઘનું ચામડું જોઈએ છે.'' ૫૨
૨. ''અમારી કુસ્તી જોઈને, અમારી જીત જોઈને અમને બક્ષિસ આપજો.'' ૩૨
૩. ''લોકોને એકાદશી કરવાનો ઉપદેશ આપીશ.'' ૫૭
૪. ''ચાલો, બધા બહાર નીકળો, સાંજ પડી જશે.'' ૪૯

**પ્રશ્ન.૩. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** (૫ ગુણ)

૧. ઘનશ્યામ પીપળાના ઝાડ પર ચડી ...................... દિશા તરફ જોતા હતા. (પૂર્વ, ઉત્તર, પશ્ચિમ) ૨૯
૨. મહાવત હાથીના ખોરાકમાંથી .................... ની ચોરી કરતો. (તેલની મીઠાઈ, ઘીની મીઠાઈ, ફરસાણ) ૪૫
૩. ઘનશ્યામનો જન્મ ...................... રાશિમાં થયો છે. (મિથુન, કુંભ, કર્ક) ૭
૪. સંન્યાસીની જમાતમાં ...................... બાવા આવ્યા હતા. (એકસો, દસ હજાર, એક હજાર) ૫૦
૫. ભૂતોને ઘનશ્યામે ...................... માં મોકલ્યા. (ગોલોક, અક્ષરધામ, બદરિકાશ્રમ) ૩૨

**પ્રશ્ન.૪. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો.(વર્ણન કરવાનું નથી)** (૫ ગુણ)

૧. પાણી ઉપર ચાલ્યા (૬૭) ૨. બધી રસોઈ જમી ગયા (૬૪) ૩. રામદત્તને કેરી ચખાડી (૨૫)

**પ્રશ્ન.૫. વિભાગ 'બ'માંથી યોગ્ય જવાબનો ક્રમાંક પસંદ કરી, વિભાગ 'અ' સામેના ચોરસમાં ફક્ત જવાબનો ક્રમાંક લખી જોડકાં બનાવો.** (૫ ગુણ)

| 'અ' | | 'બ' | |
|---|---|---|---|
| ૧. રામદયાળ | ☐ | ૧. આમાં વળી ચોરી શાની ? | ૩૬ |
| ૨. ઘનશ્યામ | ☐ | ૨. મને તમારી સેવાનો લાભ આપો | ૧૦ |
| ૩. લક્ષ્મીબાઈ | ☐ | ૩. તમારા પુત્રની ઉંમર કેટલી ? | ૬ |
| ૪. ચંદનમાસી | ☐ | ૪. ઘનશ્યામ ઘરમાં નથી ? | ૬૨ |
| ૫. લક્ષ્મીજી | ☐ | ૫. આજે શું રસોઈ કરું ? | ૧૨ |
| | | ૬. એકાદશીનો મહિમા | ૫૫ |
| | | ૭. કેરી ચખાડી | ૨૫ |

**પ્રશ્ન.૬. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૬ ગુણ)

૧. કાન વીંધનારો ગભરાઈ ગયો. ૯
૨. ધર્મદેવનું આખું ઘર તેજથી ભરાઈ ગયું. ૨
૩. વાંદરાના હાથમાં ત્રણ દિવસ સુધી રોટલીઓ સ્થિર રહી. ૨૩

## વિભાગ-૨ : યોગીજી મહારાજ - ચૌદમી આવૃત્તિ, જાન્યુઆરી ૨૦૦૩

**પ્રશ્ન.૭. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** (૫ ગુણ)

૧. જૂનાગઢના સંત અને હરિભક્તો જ્ઞાનજીવનદાસને શું કહી બોલાવતા ? ૧૯
૨. ઠાકોરજીને પાણી ધરાવવામાં મોડું થતાં યોગીજી મહારાજે શી પ્રાર્થના કરી ? ૨૯
૩. શાસ્ત્રીજી મહારાજે નારાયણસ્વરૂપદાસને ક્યારે ચાદર ઓઢાડી ? ૫૦
૪. ચંદુને હેડમાસ્તરે માર્યો ત્યારે ઝીણાભાઈ શું કરવા લાગ્યા ? ૩
૫. જાગાભક્તે ઝીણાભગતને સ્વપ્નમાં શું ઉપદેશ આપ્યો ? ૧૩

**પ્રશ્ન.૮. નીચેનાં અવતરણો કોણ, કોને કહે છે તે લખો.** (૮ ગુણ)

૧. ''આપને શ્રીજીમહારાજ અને મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી વશ છે.'' ૨૮
૨. ''આજે તમે જ મારા મનની વાત કહી દીધી.'' ૧૦
૩. ''ચોરી કરીને બીજાની પાટીમાંથી ન લખાય.'' ૫
૪. ''શાસ્ત્રીજી મહારાજની તેમના પર નાનપણથી દૃષ્ટિ પડી ગઈ હતી.'' ૫૦

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૭ જૂન, ૨૦૦૭; પરીક્ષા : સત્સંગ પ્રારંભ; માધ્યમ : ગુજરાતી; સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો. **30**

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- ☐☐☐☐☐☐

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- ☐☐☐☐

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

**પ્રશ્ન.૯. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **(૫ ગુણ)**

૧. યોગીજી મહારાજ તા. ....... /૧/૧૯૭૧ના દિવસે બપોરે એક વાગે ધામમાં ગયા. (૨૧, ૨૨, ૨૩) ૪૬

૨. મોહનભાઈ પાસેથી ધારીમાં ઠાકોરજીની સેવા ...................... લીધી. (ઝીણાભાઈએ, ઝીણાભગતે, જ્ઞાનજીવનદાસે) ૮

૩. ઝીણાભાઈ બાળમિત્રોને ............... કરતાં શીખવાડવાનું કહેતા. (ઉપવાસ, ધ્યાન, માળા) ૩

૪. યોગીજી મહારાજે ૭૦મી જન્મજયંતીના દિવસે ............... સાધુ કર્યા. (૨૧, ૫૧, ૪૫) ૩૯

૫. ઝીણાભાઈને સંવત ૧૯૬૫ના ................... ને દિવસે પાર્ષદી દીક્ષા આપી. (કારતક સુદ ૧૪, કારતક વદ ૧૪, માગશર સુદ ૧૪) ૧૧

**પ્રશ્ન.૧૦. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ <u>એક</u> પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી)** **(૫ ગુણ)**

૧. અક્ષર મંદિરના મહંત (૩૨)  ૨. મંદિરની સેવામાં (૨૭)  ૩. જાગા ભક્તનાં દર્શન (૧૨)

**પ્રશ્ન.૧૧. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** **(૬ ગુણ)**

૧. કેરિયા ગામના હરિભક્તો લાકડીઓ લઈ મંદિરમાં આવ્યા. ૨૧, ૨૨

૨. ખેતરનો માલિક ઝીણાની માતાને ક્યારેય વઢતો નહીં. ૨

૩. આપણે અગ્નિ જેવા થવું. ૪૯

## વિભાગ-૩ : કિશોર સત્સંગ પ્રારંભ - પંદરમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૬

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** **(૭ ગુણ)**

૧. ગંગામાએ શ્રીજીમહારાજને શી પ્રાર્થના કરી ? ૧૨

૨. જોધાએ મહારાજને કેવા ડાહ્યા કહ્યા ? ૨૫

૩. સહજાનંદ સ્વામી કેવા છે ? ૫

૪. દુનિયામાં દેખાતી તમામ વસ્તુના માલિક કોણ છે ? ૨૧

૫. અજામિલ કોના પ્રતાપે બચી ગયો ? ૨

૬. શાસ્ત્રીજી મહારાજનું બાળપણનું નામ શું હતું ? ૩૮

૭. શ્રીજીમહારાજે કયા નામનું ભજન કરાવ્યું ? ૭

**પ્રશ્ન.૧૩. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** **(૬ ગુણ)**

૧. બાપે બાલભક્તને ગાડાની નીચે કચડીને મારી નાખ્યો. ૧૧

૨. શ્રીજીમહારાજને રૂપિયા સામત પટેલે લાવી દીધા. ૨૧

૩. મહારાજના સંત આત્માનંદ સ્વામીને ભુજના બજારમાં વાઘ મળ્યો. ૧૪

૪. બીબીએ મહારાજને અંતકાળે તેડવા આવવાની પ્રાર્થના કરી. ૨૬

૫. જોધો ઘણીવાર ગાયનું તાજું દૂધ દોહી તેમાં સાકર, બદામ, કેસર નાંખી શ્રીજીમહારાજને પાતો. ૨૪

૬. નાથ ભક્તનાં પત્ની ધામમાં ગયાં ત્યારે મહારાજ વિમાન લઈને તેડવા આવ્યા. ૪૪

**પ્રશ્ન.૧૪. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **(૬ ગુણ)**

૧. મહારાજ પાણીની બતક લઈ ..................... ભક્તની સામે દોડ્યા. (નાજા, પૂંજા, રતનજી) ૪૨

૨. શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીને ........................ મંદિરના મહંત નીમ્યા. (જામનગર, જૂનાગઢ, ગોંડલ) ૨૯

૩. વિજાપુરનાં વજીબાને ....................... સ્વામીએ સત્સંગ કરાવ્યો. (મુક્તાનંદ, રામદાસ, સહજાનંદ) ૪૭

૪. હંમેશાં વડીલોને .................. આપવું જોઈએ. (જમવાનું, માન, પૈસા) ૩૯

૫. ........................ દિશા તરફ મુખ રાખીને પૂજા કરવા બેસાય. (ઉત્તર કે પૂર્વ, ઉત્તર કે દક્ષિણ, દક્ષિણ કે પૂર્વ) ૮

૬. ...................... ભગુજીને મહિને ત્રણસો રૂપિયા ને પાંચસો ઘોડસવારોની સરદારી આપવા કહ્યું.
(ભાણખાચરે, વજેસિંહ બાપુએ, દાદાખાચરે) ૧૯

**પ્રશ્ન.૧૫. નીચેનાં કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **(૮ ગુણ)**

૧. સદ્‌બુદ્ધિ ....... વિદારી. ૪

૨. વાણી અમૃતથી ....... નમું ભાવશું. ૧૮

૩. અમે સૌ સ્વામીના ........ છીએ મરવા. શૌર્યગીત

૪. અથાણાં શાક ....... બનાવી સારી. ૨૩

**પ્રશ્ન.૧૬. નીચેનામાંથી કોઈપણ <u>એક</u> 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (દસેક લીટીમાં)** **(૫ ગુણ)**

૧. સ્વામિનારાયણ નામના મંત્ર....... (૩૧)  ૨. ભગવાન પોતાના........ (૩૪)

**પ્રશ્ન.૧૭. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ <u>પાંચ</u> સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** **(૫ ગુણ)**

**વિષય :- ભગવાનની ભેટ** ૧

**૧.** રાજાના સિપાઈ પણ તેનાથી ડરે. **૨.** નાનપણમાં ભગવાન ન ભજીએ તો ઘરડાં થઈએ ત્યારે પણ ભગવાન ન ભજાય. **૩.** એવા પાપી પણ રામનામથી સુધરી ગયા. **૪.** નારદજીએ તેના નાના છોકરાનું નામ 'નારાયણ' પાડ્યું. **૫.** કેટલાક લૂલા, લંગડા, બહેરા માણસો જોઈએ છીએ. **૬.** ભક્ત ધ્રુવે નાનપણમાં ભક્તિ કરી. **૭.** આપણી ખરાબ ટેવો ભજનથી દૂર થાય. **૮.** ભગવાન અને ગુરુને સંભારી ભજન કરવું જોઈએ. **૯.** આપણે આજથી જ ભજનની ટેવ પાડીએ. **૧૦.** એના બદલામાં તેમને યાદ કરવા જોઈએ.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ - ૨૦૦૭ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

❋ ❋ ❋